# શારીરિક સંયમ, સમય સમાપ્ત, અને અલગ સમય સમાપ્ત અધિકાર બિલ

**અધિકારોનું આ બિલ માતાપિતા અને વાલીઓને શારીરિક સંયમ, સમય સમાપ્તિ અને અલગ સમય સમાપ્તિ (RTO)ના ઉપયોગથી સંબંધિત જરૂરિયાતો અને અધિકારોની ઝાંખી પ્રદાન કરે છે.** RTOનો ઉપયોગ છેલ્લા ઉપાય તરીકે થવો જોઈએ અને ત્યારે જ **ગંભીર શારીરિક નુકસાનના નીકટવર્તી જોખમનું ભય અસ્તિત્વમાં હોય. આ માર્ગદર્શિકામાં પ્રસ્તુત માહિતીનો અર્થ સંપૂર્ણ નથી અને તેમાં તમામ કાયદાઓની સંપૂર્ણ સમજૂતી સામેલ નથી.** જોકે, જ્યારે તેમના બાળકની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે **RTO**નો ઉપયોગ કરવામાં આવે ત્યારે માતાપિતા અને વાલીઓ ઓછામાં ઓછા તેમના અધિકારો વિશે જાગૃત હોવા જોઈએ.

## જાણવા જેવી શરતો

- **દવાઓ દ્વારા સંયમ** વિદ્યાર્થીના વર્તનને નિયંત્રિત કરવા અથવા વિદ્યાર્થીની હિલચાલને પ્રતિબંધિત કરવા માટે દવાનો ઉપયોગ કરવો.*
- નિકટવર્તી ખતરો: એવી પરિસ્થિતિ કે જેમાં વિદ્યાર્થી પોતાની, તેણીની અથવા અન્ય વ્યક્તિની સલામતી અને સુખાકારી માટે જોખમ રજૂ કરે છે અને તેને તાત્કાલિક શારીરિક નુકસાન થવાની શક્યતા રહે છે.
- **આઈસોલેટેડ ટાઈમ આઉટ:** એક ટાઈમ આઉટ ઓરડો અથવા બંધિયાર પરિધિમાં અનિચ્છાએ કોઈ પુખ્ત વ્યક્તિની દેખરેખ રાખ્યા વિના વર્ગખંડની બહાર ટાઈમ આઉટ ઓરડો અથવા અન્ય પરિધિમાં એકલા વિદ્યાર્થીને અનૈચ્છિક કેદ રાખવો.
- **યાંત્રિક સંયમ:** એવા ઉપકરણો કે સાધનોનો ઉપયોગ કરવો કે જે વિદ્યાર્થીની હિલચાલને મર્યાદિત કરે અથવા અટકાવે
- **શારીરિક સંયમ:** વિદ્યાર્થીની હિલચાલને નિયંત્રિત રાખવી અથવા પ્રતિબંધિત કરવી.
- **પ્રબળ સંયમ:** શારીરિક સંયમ જેમાં વિદ્યાર્થીનું મોઢું નીચું રાખવામાં આવે છે અને હલનચલન અટકાવવા માટે શરીર પર શારીરિક દબાણ આપવામાં આવે છે.
- **સમય સમાપ્તિ:** શાળાના દિવસના અમુક ભાગ માટે અથવા બિન લૉક સેટિંગમાં ટૂંકા સમય માટે ઓરડામાં સહપાઠીઓથી વિદ્યાર્થીને છૂટો પાડવામાં આવે છે અને પ્રશિક્ષિત પુખ્ત વયના લોકો સાથે અનૈચ્છિક રીતે મોનિટર કરવામાં આવે છે.

## RTO ધોરણો

### RTOનો ઉપયોગ ત્યારે થઈ શકે જ્યારે

- ✓ તમારા બાળકનું વર્તન પોતાને ગંભીર શારીરિક નુકસાન પહોંચાડી શકે અથવા અન્યને.
- ✓ RTOનો ઉપયોગ કરતાં પહેલાં શાળાએ તમારા બાળકને અન્ય તકનીકો દ્વારા શાંત કરવાનો પ્રયાસ કર્યો હોય
- ✓ જો તમારા બાળકને કોઈ જ્ઞાત સ્વાસ્થ્ય સંબંધિત કારણો ન હોય જેના કારણે RTOનો ઉપયોગ ન થઈ શકે.
- ✓ RTOમાં અરજી કરનારા અને દેખરેખ રાખતા સ્ટાફ સભ્યો પ્રશિક્ષિત અને પ્રમાણિત છે.

### આરટીઓ ત્યારે સમાપ્ત થવું જોઈએ જ્યારે:

- ✓ તમારું બાળક શાંત થઈ જાય અને પોતાને અથવા અન્યને ગંભીર શારીરિક નુકસાન થવાનું જોખમ ટળી ગયું હોય
- ✓ તમારું બાળક કહે કે તે શ્વાસ લેવામાં અસમર્થ છે
- ✓ સ્ટાફ જાણે કે તમારા બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે

### RTOનો ઉપયોગ ન કરવો જોઈએ જો

- ✓ તમારા બાળકને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હોય તો RTOનો ઉપયોગ તમારા બાળકને નુકસાન પહોંચાડી શકે છે.
- ✓ તમારા બાળકે નિર્દેશોનું પાલન કર્યું નથી
- ✓ તમારું બાળક મૌખિક રીતે અવિનયી અને અસંસ્કારી હતું
- ✓ તમારું બાળક શાપ આપતું હતું
- ✓ તમારા બાળકે મિલકતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો

*ઈલિનોઈસની જાહેર અને બિનજાહેર શાળાઓમાં ઉપયોગ કરવાની પરવાનગી નથી.

Illinois State Board

## ટાઈમ આઉટ અથવા આઈસોલેટેડ ટાઈમ આઉટમાં મૂકવામાં આવે ત્યારે વિદ્યાર્થીના અધિકારો

- ઓરડામાં કાયદાની તમામ સલામતી આવશ્યકતાઓને પૂર્ણ કરવી આવશ્યક છે. દરવાજો લૉક ન કરવો જોઈએ અને દરવાજાને ફર્નિચર અથવા અન્ય વસ્તુઓથી અવરોધિત કરી શકાશે નહીં.
- સમયસમાપ્તિ દરમિયાન પુખ્ત વ્યક્તિએ વિદ્યાર્થી સાથે ઓરડામાં રહેવું જોઈએ.
- જ્યારે દેખરેખ કરનાર પુખ્ય વ્યક્તિને વિદ્યાર્થી તરફથી ગંભીર શારીરિક નુકસાન થવાનું જોખમ હોય ત્યારે જ વિદ્યાર્થીને આઈસોલેટેડ ટાઈમ આઉટમાં મૂકી શકાય છે. એક પુખ્ત વ્યક્તિ ઓરડાની બહાર રહેશે.
- ટાઈમ આઉટ અથવા આઈસોલેટેડ ટાઈમ આઉટમાં રહેતા વિદ્યાર્થીને બાથરૂમમાં જવાની અને નિયમિત રીતે સુનિશ્ચિત દવા લેવાની મંજૂરી આપવાની રહેશે.
- જો બપોરના ભોજન દરમિયાન અથવા સુનિશ્ચિત થયેલ નાસ્તાના સમય દરમિયાન ટાઈમ આઉટ નિર્ધારીત થયું હોય તો તે સમય દરમિયાન વિદ્યાર્થીને ભોજન અથવા પીણું આપવું આવશ્યક છે.
- કપડાં પહેરવાની વસ્તુઓ તેના સ્થાને જ રહેશે. જો સ્વ-ઈજા અથવા અન્યને ઈજા થવાનું જોખમ હોય તો જ વસ્તુઓને દૂર કરી શકાશે.
- સ્ટાફે વિદ્યાર્થીને ક્યારેય એકલો ન છોડવો જોઈએ. વિદ્યાર્થી શાંત થઈ ગયો છે અને વર્ગમાં પાછો આવી શકે છે તેની ખાતરી કરવા માટે તેઓએ વિદ્યાર્થીની સતત તપાસ કરવી જોઈએ.

## RTO ઈવેન્ટ પછી માતાપિતા/વાલીઓના અધિકારોનું વિધેયક

1. **સૂચના**
   RTO ઈવેન્ટના દિવસે જ શાળાએ તમને સૂચિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ

2. લેખિત સમજૂતી
   **એક દિવસની** અંદર (સિવાય કે આગલો દિવસ સપ્તાહાંત અથવા રજાનો દિવસ હોય), તમારે ઈવેન્ટની લેખિત સમજૂતિ પ્રાપ્ત કરવી જોઈએ.

3. **મળવાનો અધિકાર**
   **બે દિવસની** અંદર (સિવાય કે આગલો દિવસ સપ્તાહાંત અથવા રજાનો દિવસ હોય), તમને મીટિંગ શેડ્યૂલ કરવાના અધિકારની જાણ થવી જોઈએ. તમારી વિનંતી કર્યાના બે દિવસ પછી મીટિંગ યોજવી જોઈએ, તમે રુબરુ, ટેલીફોન દ્વારા અથવા વર્ચ્યુઅલ રીતે મળી શકો છો.

4. **મુલાકાત**
   મીટિંગ દરમિયાન, દરેક વ્યક્તિએ શું થયું અલગ રીતે શું કરી શકાય તે વિશે વાત કરવી જોઈએ. તમે પ્રશ્નો પૂછી શકો છો, સૂચનો કરી શકો છો અને તમારા બાળક માટે જે શ્રેષ્ઠ હોય તે શેર કરી શકો છો. આ પ્રક્રિયાનો ધ્યેય ભાવી RTO ઈવેન્ટ્સને અટકાવવાનો છે.

5. **મુલાકાતનું વિવરણ**
   માતાપિતા(ઓ)ને મુલાકાતના વિવરણની નકલ આપવામાં આવવી જોઈએ

## ફરિયાદ કેવી રીતે ફાઈલ કરવી

જો તમને લાગે કે RTO ઈવેન્ટ દરમિયાન તમારા બાળકના અધિકારોનું ઉલ્લંઘન થયું છે, તે તમે RTOની સ્થિતિ માટે ફરિયાદ નોંધાવી શકો છો. RTO ઈવેન્ટના એક વર્ષની અંદર ફરિયાદ નોંધાવવી જરૂરી છે ફરિયાદ દાખલ કરવા માટે કોઈ ખર્ચ થતો નથી અને તમારો કોઈ વકીલની પણ જરૂરિયાત નથી પડતી ફરિયાદ નોંધાવવા અથવા સહાય માટે વિનંતી કરવા માટે તમે 217-785-5585 અથવા restrainttimeout@isbe.net પર ઈમેલ કરીને ઈલીનોઈસ સ્ટેટ બોર્ડ ઓફ એજ્યુકેશનનો સંપર્ક કરી શકો છો.

RTOના ઉપયોગ વિશે વધારાની માહિતી માટે, જેમાં નિયમોની લિંક્સ અને અન્ય માર્ગદર્શનનો સમાવેશ થાય છે, કૃપા કરીને ISBE RTO વેબપેજ અથવા QR કોડ સ્કેન કરો.